dakshinayan
UNIVERSITY NEWS LETTER દક્ષિણાયન

B++ NAAC Accredited University
VNSGU | VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY

This newsletter is also available on the University Library at website www.vnsgulibrary.org

May 2010 For private circulation only Vol. 02 - Issue 33

आत्मौपम्य – एकतानुभूति–सत्यैकतानेकतैकता–मैत्री–स्वामित्वसडकोच–अनर्थहिंसा–विरमळ–संयमा–विश्वबंधत्वसूत्रम् ।

વિશ્વ-બંધુત્વનાં આધાર સૂત્ર -

આત્મૌપમ્યની ભાવનાનો વિકાસ, મનુષ્યજાતિની એકતામાં વિકાસ, ધર્મની મૌલિક એકતામાં વિશ્વાસ, રાષ્ટ્રીય અથવા વિભક્ત ભૂખંડની નીચે રહેલા અખંડ જગતની અનુભૂતિ, મૈત્રી કરુણાનો વિકાસ, વ્યક્તિગત સ્વામિત્વની સીમા, શસ્ત્રના પ્રયોગની સીમા, અનાવશ્યક હિંસાની વર્જના, સંયમનો વિકાસ.

- ડૉ. દયાનન્દ ભાર્ગવ,
મહાપ્રજ્ઞ દર્શન

## દીપે અરુણું પરભાત

પ્રિય વાચકમિત્રો,

અવિરત આઠ દાયકાથી અહિંસા તથા અનેકાન્તના આલોકમાં ઝળહળતી પ્રજ્ઞાના આધ્યાત્મિક અને વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણના સમન્વય થકી સમાજ જીવન, રાજકારણ, ધર્મશાસ્ત્ર, માનવીની વૃત્તિઓ તથા ગ્રંથિઓ, જેવી અનેક બાબતો વિશે અસામાન્ય, નૂતન અને મૌલિક રહસ્ય પ્રગટ કરી આપનાર સાંપ્રદાયિક સંકીર્ણતાને તિલાંજલી આપી સમસ્ત માનવજાતની ચેતના સતત અજવાળતી રહે તે માટે જ્ઞાનનું પ્રચંડ આંદોલન જગાડનાર આજના વિવેકાનંદ, સ્થિતપ્રજ્ઞ ઋષિ, સંપૂર્ણ વિશ્વના શીર્ષસ્થ દાર્શનિક એવી વિરલ જાગૃત ચેતનાના આચાર્ય મહાપ્રજ્ઞએ આપણી વચ્ચેથી વિદાય લીધી.

જૈન શ્વેતામ્બર શાખા પૈકીનો એક પંથ તેરાપંથ. જેની સ્થાપના મુનિશ્રી આચાર્ય ભિક્ષુ દ્વારા સને ૧૭૬૦માં કરવામાં આવી. આ સંપ્રદાયના નવમા આચાર્ય તુલસી તથા દસમા આચાર્યશ્રી મહાપ્રજ્ઞની ગુરૂ-શિષ્યની અનુપમ જોડીએ માત્ર તેરાપંથ સમાજ જ નહી, સમગ્ર વિશ્વના માનવ જીવનને ઉત્કૃષ્ટતા બક્ષે તેવા જ્ઞાતમાં રહેલા અજ્ઞાતને પ્રગટ કરી આપ્યું. માત્ર સમ ખાવા પૂરતી આચાર-સંહિતાની પુસ્તિકા ધરાવતા આ પંથ માટે ગુરૂ-શિષ્યની જોડીએ જ્ઞાનનું પ્રચંડ આંદોલન જગાડયું. આજે માત્ર આચાર્ય મહાપ્રજ્ઞજી કૃત ૨૫૦ થી વધુ પુસ્તકો છે. જૈન ધર્મ વિચારધારાને કેન્દ્રમાં રાખી આચાર્ય મહાપ્રજ્ઞના પ્રત્યક્ષ માર્ગદર્શન હેઠળ જૈન વિશ્વભારતી યુનિવર્સિટી, લાડનૂમાં સંશોધન, તાલીમ તથા પ્રકાશનનું કાર્ય થઈ રહયું છે. ભગવાન મહાવીરની ૨૫૦૦મી જન્મજયંતી પ્રસંગે સમગ્ર જૈન સંપ્રદાયના તમામ પંથોએ સાથે મળી 'સમણસૂત્તમ' ગ્રંથ તૈયાર કર્યો જેની અહમ ભૂમિકા આચાર્યશ્રીએ ભજવી હતી. આચાર્યશ્રી જૈન આગમો પર સાંપ્રદાયિક સંકીર્ણતા ત્યજીને વ્યાપક દ્રષ્ટિએ ભાષ્યની રચનાઓ કરી. આચારાંગ સૂત્ર, દશવૈકાલિક સૂત્ર, ઉત્તરાધ્યયન સૂત્ર, શ્રી સૂત્રકૃતાંગ જેવા બાર આગમો પર તેમણે વિસ્તૃત ભાષ્ય લખ્યું અને શંકરાચાર્ય તથા પૂજય અભયદેવ સૂરિ જેવા ભાષ્યકારોની કોટિમાં સ્થાન મેળવ્યું. ભગવાન મહાવીરની ધ્યાનપ્રક્રિયાના ઉલ્લેખોને આગમગ્રંથોમાંથી સંકલિત કરી નવી 'પ્રેક્ષાધ્યાન'ની પધ્ધતિ પ્રચારમાં મૂકી. ધર્મ, રીતિ, ભાષા, રાષ્ટ્રના સીમાડાને દૂર કરી સહુ પ્રેક્ષાધ્યાનમાં જોડાઈ શકે તેવી વ્યવસ્થા ઊભી કરી. તા. ૨૮-૧૦-૨૦૦૯ થી તા. ૩-૧૧-૨૦૦૯ દરમ્યાન યુનિવર્સિટી પરિસર ખાતે યોજાયેલ સમગ્ર યુનિવર્સિટી સંલગ્નિત કોલેજોના રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વયંસેવકોની સ્વર્ણિમ ગુજરાતની યુવા શિબિરમાં ૨૮૦૦ જેટલા યુવકોને યોગાસન તથા પ્રેક્ષાધ્યાનનું અધ્યયન સમણી પ્રતિભા પ્રજ્ઞાજી દ્વારા કરવામાં આવેલું જેનું સહજ સ્મરણ થાય છે.

આચાર્ય મહાપ્રજ્ઞજીના નેવુમા જન્મદિવસ 'પ્રજ્ઞાપર્વ સમારોહ' પ્રસંગ બાદ તેરાપંથ સમાજ તથા યુનિવર્સિટીનો સેતુ સતત મજબુત બનતો રહયો છે. આચાર્યશ્રીની પ્રેરણાથી યુનિવર્સિટી ગ્રંથાલયમાં 'આચાર્ય મહાપ્રજ્ઞ સાહિત્ય કોર્નર'ની સ્થાપના કરવામાં આવી છે. તા. ૧૭-૯-૨૦૦૯ના રોજ સાધ્વી સુમનશ્રીજીના આશીર્વાદથી ૩૬૯ ગ્રંથો સાથે સાહિત્ય કોર્નરને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. (વિગતવાર અહેવાલ દક્ષિણાયન અંક-૧૮, સપ્ટેમ્બર, ૨૦૦૯)

વર્તમાન સમાજની સમસ્યાઓના નિવારણ માટે આચાર્યશ્રી દ્વારા જૈન સંપ્રદાયના અહિંસાના સ્વરૂપને નવા રૂપે અણુવ્રતો, પ્રેક્ષાધ્યાન તથા જીવન વિજ્ઞાન રૂપે પ્રસ્તુત કરવામાં આવ્યું છે. સુરતના પ્રતિષ્ઠિત તેરાપંથ સમાજના અગ્રણીઓ સાથે ઓગષ્ટ ૧-૨, ૨૦૦૯ દરમ્યાન આચાર્યશ્રી સાથે લાડનૂં મુલાકાત લેવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું. યુનિવર્સિટીઓમાં મૂલ્ય શિક્ષણ કેવી રીતે આપી શકાય તેની વિશદ ચર્ચા બે દિવસ દરમ્યાન આચાર્યશ્રી તથા યુવાચાર્ય મહાશ્રમણ તેમજ મહેન્દ્ર મુનિશ્રી સાથે થઈ. બે દિવસની ચર્ચાના સારરૂપે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં

'આચાર્ય મહાપ્રજ્ઞ સેન્ટર ઓફ સાયન્સ ઓફ લિવિન્ગ' નામક કેન્દ્ર સ્થપાય તે માટે આચાર્યશ્રીએ આશીર્વાદ આપ્યા. આ કેન્દ્રના હેતુઓ તથા પ્રવૃત્તિઓ અંગે બે પાનાની નાનકડી નોંધ તૈયાર કરવામાં આવી જેના મુસદ્દાને આચાર્યશ્રીએ વાંચી મંજૂરી આપી. આચાર્યશ્રી સાથે બીજી મુલાકાત તેમના ડુંગરગઢના ચાતુર્માસ દરમ્યાન ૧-૨- ફેબ્રુઆરી ૨૦૧૦ દરમ્યાન થઈ. આ સમયે આચાર્યશ્રી સાથે ચર્ચા દરમ્યાન આચાર્યશ્રીના સાહિત્યને કેવી રીતે બહુજન સમાજ સુધી પહોંચાડી શકાય તે અંગેનું ચિંતન રજૂ કર્યું. ગુજરાત રાજય તેની સ્વર્ણિમ ગુજરાત ઊજવણી 'વાંચે ગુજરાત'ના અનોખા પ્રકલ્પથી કરી રહી છે ત્યારે પૂજય ગુરુજીના સાહિત્યનો સમગ્ર વર્ષ દરમ્યાન પ્રચાર પ્રસાર થાય તે દિશાના પ્રયત્નો ગુજરાત તરફના તેમના વિશેષ પ્રેમ માટેનું તર્પણ ગણાશે.

આચાર્યશ્રીએ ૨૦૦૧ની પાંચમી ડિસેમ્બર રાજસ્થાનના સુજાનગઢથી અહિંસા યાત્રા શરૂ કરી, ૨૦૦૯ની ચોથી જાન્યુઆરીએ આ યાત્રા પૂર્ણ કરી સમગ્ર દેશના ૮૭ જીલ્લાનાં ૨૪૦૫ ગામો અને શહેરોમાં અહિંસાનો સંદેશ પહોંચાડયો. આ યાત્રા દરમ્યાન ૨૦૦૩ની ૧૫મી ઓકટોબરે સુરતમાં ધર્મગુરુઓના સંમેલન વખતે પૂર્વ રાષ્ટ્રપતિ અબ્દુલ કલામ સાથે તેમણે વિજ્ઞાન અને આધ્યાત્મના મિલન અંગેની ગોષ્ઠિ કરી. આ ગોષ્ઠિના પરિપાક રૂપે આચાર્યશ્રી તથા અબ્દુલ કલામ સાથે મળીને 'ધી ફેમિલી એન્ડ ધી નેશન' નામના ગ્રંથની રચના કરી. આત્મા અને વિજ્ઞાન બે અલગ નથી પરંતુ વર્તમાન યુગની સમસ્યાઓના સમાધાન માટે બંનેનું સાયુજય અનિવાર્ય છે તે પ્રસ્થાપિત કર્યું. સુરત માટે ગૌરવની બાબત એ રહી કે આધ્યાત્મિક ઘોષણાપત્ર અહીંથી તૈયાર થયું. આચાર્યશ્રીની ભાવના હતી કે ગુજરાત અહિંસાની પ્રયોગભૂમિ બને.

ડૉ. દયાનન્દ ભાર્ગવ દ્વારા આચાર્યશ્રીના વિધાતપનું સારદોહન 'મહાપ્રજ્ઞ-દર્શન' ગ્રંથમાં કરવામાં આવ્યું છે. અનેકાન્ત ભારતી પ્રકાશન, અમદાવાદ દ્વારા પ્રકાશિત ગુજરાતી આવૃત્તિની પ્રસ્તાવના - 'વિરાટ આકાશનું દર્શન'માં ડૉ. કુમારપાળ દેસાઈ નોંધે છે : "આચાર્ય મહાપ્રજ્ઞજીએ સમગ્ર આકાશનું દર્શન કરાવીને ધર્મની વિરાટ ભાવનાઓ જન-જન સુધી કાર્યાન્વિત કરવાનો પ્રયાસ કર્યો છે. આચાર્યશ્રીના દર્શનની એ વિશેષતા છે કે એમણે માત્ર શુષ્ક તત્ત્વજ્ઞાન આપ્યું નથી, એમણે કયારેય આસપાસના વાસ્તવજીવન પરથી દ્રષ્ટિ હટાવી નથી. એમણે કદી સમાજ કે રાષ્ટ્રના પ્રશ્નોને અળગા રાખીને ધર્મ કે અધ્યાત્મનો વિચાર કર્યો નથી. એમની વિચારધારામાં સામાજિક રૂઢિથી માંડીને આતંકવાદ સુધીની અને સામ્યવાદથી આરંભીને આધ્યાત્મિકતા સુધીની સઘળી બાબતોની છણાવટ મળે છે, એટલે કે મહાપ્રજ્ઞ દર્શન એ એવું દર્શન છે કે જે આચરણ સાથે અભિન્નરૂપે જોડાયેલું છે. આથી તેઓએ અહિંસાની સૂક્ષ્મ ચર્ચા કરી, એના વિશે ગહન વિચાર કર્યો પણ તેમાં જ વિચારની ઈતિશ્રી આવતી નથી. બલ્કે, અહિંસા યાત્રા કે અહિંસા પ્રશિક્ષણ દ્વારા એને કાર્યમાં જગતના ચોકમાં મૂકવાનો પ્રયાસ કર્યો. ગમે તેટલા ઊંચા વિચાર કે ભાવના હોય, પણ એ સમાજ કે માનવજીવનની જીવનશૈલીમાં પ્રગટ ન થાય તો એ વ્યર્થ છે."

"આચાર્ય મહાપ્રજ્ઞજીના દર્શનમાં એક બીજી બાબત એ દ્રષ્ટિગોચર થાય છે કે અધ્યાત્મ અને વિજ્ઞાન બંનેનો એમણે સમન્વય સાધ્યો છે. સ્વામી વિવેકાનંદે અધ્યાત્મ અને વિજ્ઞાનના સમન્વયની વાત કરી, આચાર્ય વિનોબા ભાવેએ એના પર ચિંતન કર્યું. આચાર્ય મહાપ્રજ્ઞજીએ અધ્યાત્મ અને વિજ્ઞાનને પરસ્પરના પૂરક રૂપે જોયું. એમણે બંનેનો સમન્વય સાધીને માનવ પરિવર્તનની વાત કરી."

"શ્રી રામકૃષ્ણ પરમહંસ કહે છે કે ગ્રંથ ખોલવા સહેલા છે, પણ ગ્રંથિ તોડવી અઘરી છે. આવે સમયે સમાજની ભ્રાંત ધારણાઓમાં પરિવર્તન લાવવાનો આચાર્ય મહાપ્રજ્ઞજીનો પ્રયાસ છે. ...સત્યની ખોજ માટે આચાર્ય મહાપ્રજ્ઞજીનું દર્શન મૂડીવાદ, સમાજવાદ કે ઉપભોકતાવાદ સુધી પહોંચી જાય છે અને જયાંથી સત્યની પ્રાપ્તિ થાય તે નિર્ભીક રીતે તેઓ પ્રગટ કરે છે. ...તેઓ કહે છે કે હિંસાએ જેટલું રૌદ્ર રૂપ બતાવ્યું તેટલું સૌમ્યરૂપ અહિંસાએ બતાવ્યું નથી. માત્ર આ એક વિચાર કેવી ગહન બાબતને મૌલિકતાથી પ્રગટ કરે છે. ...અણુવ્રત, પ્રેક્ષાધ્યાન, જીવનવિજ્ઞાન, અહિંસા પ્રશિક્ષણ જેવા મૌલિક વિચારો અને એનાથી સર્જાતા ઉત્કૃષ્ટ જીવન આચાર આજના યુગની ધારાને પલટી શકે તેવા છે."

ડૉ. લક્ષ્મીમલ્લ સિંઘવી નોંધે છે કે, "આચાર્ય મહાપ્રજ્ઞજી આપણા સમયના એક ઋષિ છે, સ્થિતપ્રજ્ઞ છે. આચાર્ય મહાપ્રજ્ઞની પ્રતિભા રશ્મિરથી છે. આચાર્ય મહાપ્રજ્ઞ જૈન પરંપરાના અદ્વિતીય શલાકા પુરુષ છે, અને સમગ્ર ભારતીય ચિંતનના પ્રામાણિક વ્યાખ્યાતા છે."

આચાર્યની વાણીમાં જોઈએ. : "હું મુનિ છું, પણ અલગ પ્રકારનો મુનિ છું. મને ધર્મમાં વિશ્વાસ છે પણ ઘણા લોકો મને નાસ્તિક જ માને છે. મેં સામ્યવાદી દર્શનનો ગહન અભ્યાસ કર્યો. જેટલી શાશન પધ્ધતિઓ છે તેમાં સામ્યવાદી વિચારસરણીને હું વિશેષ મહત્ત્વ આપું છું. સામ્યવાદી પધ્ધતિના શાશકો બરાબર ન હોવાથી તે પધ્ધતિ નિષ્ફળ ગઈ."

અંતમાં, શિક્ષણ વિશેના ચિંતનમાં ગુરૂજી લખે છે, " આજની શિક્ષણ પધ્ધતિમાં પ્રાણ શકિતનું કોઈ પ્રશિક્ષણ નથી. તેના પર કોઈ વિચાર થયો નથી. ...શિક્ષણના માધ્યમથી માનસિક અને બૌધ્ધિક વિકાસ થાય છે પણ અનુશાસનનો વિકાસ થતો નથી. શું કામ નથી થતો તેની પર ધ્યાન આપીએ. અનુશાસન આવે છે બુધ્ધિ પર રહીને અને શિક્ષણ બુધ્ધિની સીમામાં જ રહી જાય છે. બાહય જગત અને અંતર જગતમાં સંતુલન સ્થાપિત કરવું એ ધ્યાન છે, આ જીવનનું વિજ્ઞાન છે અને આ શિક્ષણ પ્રણાલીનું અનિવાર્ય અંગ હોવું જોઈએ."

પૂજય ગુરૂજીનો જ્ઞાનરૂપે સંચિત થયેલ પ્રકાશ માનવજાતની ચેતનાને સતત અજવાળતો રહે, એજ અભ્યર્થના.

૧૫ મે, ૨૦૧૦

બી.એ. પ્રજાપતિ
કુલપતિ

# યુનિવર્સિટી ન્યૂઝ


## સ્વર્ણિમ ગુજરાત - ભૂમિપૂજન



સ્વર્ણિમ ગુજરાત ઊજવણી અંતર્ગત પહેલી મે ૨૦૧૦ ના રોજ યુનિવર્સિટી પરિસરમાં દાતાશ્રી ભૂલાભાઈ વનમાલીભાઈ પટેલ દ્વારા રૂપિયા ૫૧ લાખના દાનમાંથી શ્રીમદ્ રાજચંદ્ર પ્રાર્થના ખંડ, જે યુનિવર્સિટના શિક્ષણ ભવન સંલગ્ન છે. જે રૂપિયા ૬૬,૧૫,૪૬૪=૦૦ ના ખર્ચે ૯૩૧૮ ચો.ફૂ.વિસ્તારમાં તૈયાર થશે તેનું ભૂમિપૂજન દાતાશ્રી ભૂલાભાઈ વનમાળીભાઈ પટેલના વરદ્ હસ્તે કરવામાં આવ્યું હતું.



સમાજવિજ્ઞાન ભવનના વિસ્તરણ ભૂમિપૂજન અર્થશાસ્ત્ર વિભાગના વડા ડૉ. સુભદ્રા રઘોથામન તથા ડૉ. કીર્તિબેન ઝંખારિયાના વરદ્ હસ્તે કરવામાં આવ્યું. જે રૂા.૭૨,૨૮,૩૨૦/- ના ખર્ચે તૈયાર થશે.



એમ.એચ.આર.ડી. ભવનના વિસ્તરણનું ભૂમિ-પૂજન ભવનના વડા ડૉ. કિરણ પંડયા તથા ડૉ. ડી.જી.ઠાકોરના વરદ્ હસ્તે કરવામાં આવ્યું. જે રૂા. ૮૩,૭૩,૬૩૮/- ના ખર્ચે તૈયાર થશે.

આ પ્રસંગે કુલપતિશ્રી ડૉ. બી.એ.પ્રજાપતિ, કુલસચિવશ્રી જે.આર.મહેતા, સિન્ડિકેટ સભ્ય શ્રી હેમંત ટોપીવાળા તથા યુનિવર્સિટીના વિવિધ અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ તથા અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહયા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે યુનિવર્સિટીના ઈતિહાસમાં સૌ પ્રથમ વખત ભૂમિપૂજનનો કાર્યક્રમ વિભાગીય વડાઓ દ્વારા જ સંપન્ન કરવામાં આવ્યો હતો.

## સ્વર્ણિમ ગુજરાત - ગ્રંથ પ્રકાશન

સ્વર્ણિમ ગુજરાતની ઊજવણીના એકભાગ રૂપે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ઉપક્રમે યુગપુરુષ નર્મદે કરેલા સાહિત્યસર્જન તેમજ સમાજ સુધારણા સંદર્ભે થયેલા બહુમૂલ્ય પ્રદાન વિષે વિદ્વતવર્ય સારસ્વતોના અભ્યાસલેખોનું સંપાદન પ્રકાશિત થઈ રહયું છે. ગુજરાતી સાહિત્યના અભિનવ પ્રસ્થાનો કરવા ઉપરાંત ગુજરાતનું સંસ્કાર જીવન તથા ગુર્જર અસ્મિતાને સંવર્ધિત કરવામાં તેમજ સ્વર્ણિમ ગુજરાતનું નર્મદે સેવેલું સ્વપ્ન સાકાર કરવામાં નર્મદનું પ્રદાન સ્વયંસિધ્ધ છે. ગુજરાતના સુપ્રસિધ્ધ સાક્ષરોના અભ્યાસલેખો તા. ૧૫ જૂન ૨૦૧૦ સુધીમાં એકત્ર કરી એનું સંપાદન કરવામાં આવી રહયું છે. નર્મદની જન્મજયંતી ૨૪ ઓગષ્ટના રોજ આ ગ્રંથનું વિમોચન કરવામાં આવશે. આ નિમિત્તે તા. ૨૪ તથા ૨૫ ઓગષ્ટ દરમ્યાન નર્મદના સર્જનાત્મક અર્પણ વિષે બે દિવસના પરિસંવાદનું યુનિવર્સિટી પરિસરમાં યોજવામાં આવશે. જેમાં આ સંપાદિત ગ્રંથનું વિમોચન કરવામાં આવશે. આ પ્રકારે યુનિવર્સિટી વિશિષ્ટ અને લાક્ષણિક સંદર્ભમાં નર્મદની જન્મજયંતીની ઉજવવાનું આયોજન થઈ રહયું છે.

## સ્વર્ણિમ ગુજરાત - રોશની



સ્વર્ણિમ ગુજરાત અંતર્ગત યુનિવર્સિટીને રોશનીથી શણગારવામાં આવી હતી.



## સ્વર્ણિમ ગુજરાત - પ્રદર્શન



સ્વર્ણિમ ગુજરાતની ઊજવણી પ્રસંગે યુનિવર્સિટી દ્વારા સુરત શહેરના વરાછા વિસ્તારમાં યુનિવર્સિટીની ઝાંખી કરાવતું પ્રદર્શન પણ શરૂ કરવામાં આવ્યું હતું જેનો યુનિવર્સિટી પરિવાર તથા શહેરના લોકોએ લાભ લીધો હતો.



## વાંચે ગુજરાત

'સ્વર્ણિમ ગુજરાત'ની ઊજવણી અંતર્ગત, 'વાંચે ગુજરાત' અભિયાનને વેગ મળે તે હેતુથી યુનિવર્સિટી ગ્રંથાલયમાં નીચે દર્શાવેલ ગ્રંથસંગ્રહોને સૌ પ્રથમવાર અલગ ગોઠવવામાં આવેલ છે. જેનો વાચકોએ લાભ લેવા વિનંતી.

1. Acharya Mahapragyaji
2. A.I.U. Publication
3. Competitive Examinations
4. C.M.I.E.
5. Dr. A.P.J. Abdul Kalam
6. Dr. B.R.Ambedkar
7. Goverment Documents:
   Census of INDIA 1951 to 2001.
   Loksabha Debates 1977 to 1989
   Gujarat Vidhansabha Debates 1986 to 2009
8. Jawaharlal Nehru
9. Kabir
10. Kanaiyalal Munshi
11. Kavi Narmad
12. Mahatma Gandhiji
13. Non Book Material
14. Other Languages
15. Pujya Mota
16. Sardar Patel
17. Sri Aurobindo
18. Surat
19. Swami Anand
20. Swami Vivekananda
21. U.G.C. Publication
22. Vinoba Bhave
23. V.N.S.G.U. Publication
24. Zaverchand Meghani.

## યુનિવર્સિટીનું નવીન વેબ એડ્રેસ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતનું નવીન વેબ સરનામું : www.vnsgu.ac.in

## અંગ્રેજી ભાષાંતર

સુરતના સપૂત વીર કવિ નર્મદના સમકાલીનથી લઈને વર્તમાનના મોટા સાહિત્યકારોએ તેમની ઉપર લેખો લખ્યા છે. ભાષાંતર ક્ષેત્રે રાજયના ઉત્તમ પ્રાધ્યાપકો દ્વારા લેખોનું અંગ્રેજી ભાષાંતર કરાવી નર્મદને આંતરરાષ્ટ્રીય સ્તરે મૂકવાનું કામ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા કરાઈ રહયું છે.

'નર્મદ ફક્ત એક કવિ જ નહી પરંતુ ઈતિહાસકાર, સમાજ સુધારક, અર્થશાસ્ત્રી, પત્રકાર, લેક્સિકોગ્રાફર સહિત ઘણું બધું હતા. તેમના જીવન અને કવનના તમામ પાસાં આવરી લે તેવા લેખોનું અંગ્રેજી ભાષાંતર કરાવાઈ રહયું છે આ લેખોને પુસ્તકસ્વરૂપે પ્રગટ કર્યા પછી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પ્રકાશકો દ્વારા તેનું વિતરણ થાય તેવા પ્રયત્નો કરાશે.' તેમ કુલપતિએ વધુમાં જણાવ્યું હતું.

આ કામ યુનિ. ના અંગ્રેજી વિભાગના અધ્યક્ષ અને ભાષાંતરના ક્ષેત્રના નિષ્ણાંત પ્રો. રાકેશ દેસાઈ કરી રહયા છે. પ્રો. દેસાઈએ જણાવ્યું હતું કે પુસ્તક માટે નર્મદના સમકાલીન એવા નવલરામથી લઈને ડૉ. ઉમાશંકર જોશી અને વર્તમાનના ડૉ. ભગવતીકુમાર શર્મા સુધીના ખ્યાતનામ સાહિત્યકારોના નર્મદ અંગે લખાયેલા ૩૦ જેટલા વિવેચન લેખોને પસંદ કરાયા છે. લેખો પસંદ કરવા માટે નર્મદ અંગે સંશોધન કરનારા ડૉ. રમેશ શુકલ સહિત અન્ય નિષ્ણાતોની સલાહ લેવામાં આવી હતી.

ગુજરાતીમાંથી અંગ્રેજીમાં ભાષાંતર કરવા માટે પણ રાજયની જુદી જુદી યુનિવર્સિટીઓના નિષ્ણાંત પ્રોફેસર્સને જોતરવામાં આવ્યા છે. ભાષાંતરનું કામ લગભગ પૂર્ણ થવા આવ્યું છે અને સપ્ટેમ્બર સુધી સ્વર્ણિમ ગુજરાતની ઊજવણીના ભાગરૂપે પુસ્તકનું વિમોચન કરવામાં આવશે.

આ પુસ્તકને દેશ અને વિદેશની યુનિવર્સિટીઓમાં મોકલવાની પણ યોજના છે જે માટે યુનિવર્સિટી સ્પોન્સરર્સ શોધી રહી છે. 'આ પુસ્તકને આંતરરાષ્ટ્રીય ધોરણોને ધ્યાનમાં લઈને તૈયાર કરાવાઈ રહયું છે. ગુજરાતી અને ગુજરાતને ન જાણતા લોકો પણ લેખોને સમજીને માણી શકે તે રીતે ભાષાંતર કરાઈ રહયું છે.

## Results - 2010


| No. | Examination | Percentage |
|---|---|---|
| 1 | T.Y.B.Sc. | 84.99 |
| 2 | T.Y.B.Com. (Regular) | 66.03 |
| 3 | T.Y.B.Com. (External) | 42.40 |
| 4 | T.Y.B.R.S. | 100 |
| 5 | T.Y.B.P.E. | 97.56 |
| 6 | M.Sc.(I.T.) (1st Sem.) | 41.67 |
| 7 | M.Ed. | 100 |
| 8 | B.P.Ed. | 97.44 |
| 9 | B.Sc.(I.T.) 5th Sem. | 66.67 |
| 10 | B.Sc.(I.T.)9th Sem. | 50 |
| 11 | M.P.E.(Part-I) | 95.56 |
| 12 | M.P.E.(Part-II) | 100 |
| 13 | First B.Opto. | 100 |
| 14 | B.B.A.Sem.5 | 28.87 |
| 15 | F.Y.B.Sc. | 75.42 |
| 16 | P.G.D.R.M.Sem.II | 100 |
| 17 | B.C.A.Sem.5 | 40.48 |

| | | |
|---|---|---|
| 18 | B.C.A.Sem.6 | 97.46 |
| 19 | B.H.M.S.Fourth Year | 31.33 |
| 20 | B.L.I.Sc. | 97.67 |
| 21 | M.L.I.Sc. (Part I) | 100 |
| 22 | M.L.I.Sc. (Part II) | 100 |

## Inflibnet

National Library and Information Services Infrastructure for Scholarly Content (N-LIST) કાર્યક્રમ અંતર્ગત INFLIBNET e-journals અને e-booksની સેવાઓ લવાજમથી પૂરી પાડે છે. જેમાં ૨૧૦૦ થી વધુ e-journals અને 51,000 e-books ઉપલબ્ધ છે. જેનો ઉપયોગ કોલેજો પણ કરી શકે છે. વધુ વિગતો માટે http://nlist.inflibnet.ac.in/downloads.php. ઉપર સંપર્ક કરવો.

## V. N. South Gujarat University Proposed Project of Acharya Mahaprajna Centre of Science of Living



**Objectives**

(1) Transformation of consciousness (chetana) to develop the innate potentialities of humans, which are essential to lead a life infused with basic spiritual and moral values, to develop holistic health with main stress on mental & emotional components and ultimately to inculcate the sanskaras for serving family, society and nation selflessly.

(2) To build a new socio-econornic order, based on compassion, self-restraint, non-violence and dedication, which can foster lasting peace in individual's life as well as social, national and international relations.

(3) Specially, to produce "teachers" who would fulfil the true duty of "guru" and undertake on themselves the onerous task of building true humans, healthy society and noble nation.

**Activities**

(1) To organize camps for the. teachers of the University and the affiliated colleges for imparting training in Science of Living, Preksha Meditation, Yoga, Anuvrat, Non-violence, Relative Economics and the like.

(2) To organize similar camps for the students.

(3) To organize the seminars, symposia, conferences, workshops etc. for disseminating awareness about the efficacy and urgency of S.O.L. etc. and motivate all concerned with field of education (including trustees, management boards, government officials, parents etc.) for propagating these new innovations in schools, colleges, universities, technical institutes etc.

(4) To run an Information Cell with -

(1) Library -Books, journals etc.

(2) Audio-visual facilities

(3) IT facilities

(4) Display of Books etc.

(5) To carry out publications in the form of books, journals, etc. to disseminate the above ideas.

(6) Publicity, Public Relations etc.

(5) To have a regular communication with Jain Vishva Bharati University and seek its assistance in developing the Centre (An M.O.U. may be made between both Universities for this).

In the second phase, further activities will be undertaken for conducting researches in the field, and if possible, conduct credit and non-credit courses which would serve as a module to attain the goals of value education etc. in all disciplines of education including technical courses.

In the third phase, a full-fledged Department of Science of Living will be established.

It is hoped that under the guidance and blessings of Acharya Mahaprajna and with co-operation of Jain Vishva Bharati University, the V.N.S.G.U will make a breakthrough in University education in the field of value education and set a role model for the world universities.

Date : August 02, 2009

"આચાર્યશ્રીના આશીર્વાદ તથા પ્રેરણાથી પૂજ્ય મહેન્દ્રમુનીજી તથા પૂજ્ય યુવાચાર્ય મહાશ્રમણ તથા સુરતના તેરાપંથી સમાજના અગ્રણીઓની સાથે ચર્ચાના સારરૂપે તૈયાર કરેલ તથા આચાર્યશ્રી દ્વારા સ્વીકૃતિ પામેલ રૂપરેખા."

# કોલેજ ન્યૂઝ

## સ્વર્ણિમ ગુજરાત

શાહ ન.હ.કોમર્સ કોલેજ, વલસાડમાં તા. ૦૧-૦૫-૨૦૧૦ ના રોજ સ્વર્ણિમ ગુજરાતની ઉજવણી સંદર્ભે નીચે દર્શાવેલ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. (૧) ઐતિહાસિક સ્થળ - ધરાસણાની મુલાકાત (૨) સંસ્કાર કેન્દ્ર પર વિવિધ કાર્યક્રમો : ૧."તરતાં પુસ્તક" પ્રોજેક્ટ શુભારંભ, ૨.પુસ્તક પ્રદર્શન, ૩.પોસ્ટર્સ પ્રદર્શન, ૪.ગુજરાતની અસ્મિતાના ગુજરાતી ગીતોનું શ્રવણ, ૫.ગુજરાતની ગૌરવ ગાથાની ફિલ્મ દ્વારા રજૂઆત, ૬.ગુજરાતની ૫૦મી વર્ષગાંઠે સુશોભન, રંગોળી, શણગાર, બલૂન વિગેરે. (૩) અટાર-વૃધ્ધાશ્રમમાં વયસ્કો સાથે સ્વર્ણિમ ગુજરાતની ઉજવણી.

આ પ્રસંગે 'વાંચે ગુજરાત' અંતર્ગત નીચે દર્શાવેલ મહાનુભાવોએ પુસ્તક તરતાં મૂકયાં હતાં. ૧. પ્રિ. ડૉ. જે. એમ. નાયક (મનોચિકિત્સા), ૨. પ્રો. વી. એમ. કેવત (પ્રેરણાનું ઝરણું), ૩. પ્રો.એ.એન.ભટ્ટ (માનવ થાઉં તો ઘણું), ૪. પ્રો.ડી.આર. પરીખ (સત્યાના પ્રયોગો) ૫. પ્રો.આર.આર.પટેલ(સફળ જીવનની દિશા ધારા) ૬. પ્રો.એમ.જી.પટેલ (ગાંધી-ગંગા), ૭. પ્રો.બી.એન.દેસાઈ (સાંઈબાબા ઈશ્વરના પગલાં પૃથ્વી પર) ૮. પ્રો.ટી.જી.પટેલ(અંતરનો ઉજાસ) ૯. પ્રો.આઈ.એમ.ગાંધી (નવનીત જનરલ નોલેજ), ૧૦. પ્રો.વી.આર.ચાંપાનેરી, (મારા ગુરૂદેવ), ૧૧. પ્રો.કે.સી.પટેલ(ફાઈવ પોઈન્ટ સમ વન), ૧૨. પ્રો.આર.પી.પટેલ(સંસ્કૃતિ પૂજન), ૧૩. પ્રો.કે.આર.ભાવસાર(વકતૃત્વ કળા), ૧૪. પ્રો.કે.આર.ભાવસાર (જીવન જીવી જાણો અને કામની મજા માણો) ૧૫.પ્રો.ડૉ.ડી.જી.ઠાકોર (કલિયુગની કમાલ), ૧૬. પ્રો.ડૉ.એમ.સી.શાહ(મેઘાણીની નવલિકાઓ) ૧૭. પ્રો.એસ.એમ.દેસાઈ (અગ્નિથી ઉત્તર આપતાં), ૧૮. પ્રો. રશ્મીબેન પટેલ (The way of Peace) ૧૯. પ્રો.વી.એસ.ભંડારી (ધી મન), ૨૦. પ્રો. સતીષ મૌર્ય (વાણીને ઝરૂખોથી), ૨૧. શ્રી

પ્રદ્યુમનભાઈ શાહ (ગીતા), ૨૨. પ્રિ.ડૉ.જે.ટી.દેસાઈ (વાચનયાત્રાનો પ્રસાદ) ૨૩. શ્રી દેવાંગ પટેલ (ધ સિક્રેટ), ૨૪. પ્રો.ઠાકોરભાઈ જી. પટેલ (ગાંધીની ઘડિયાળ) ૨૫. ડૉ. પંકજભાઈ એસ. દેસાઈ (The Story of my experiments) ૨૬. ડૉ. તખ્તસિંહ જી. ગોહિલ (ગીતા-પ્રવચનો), ૨૭. પ્રો.ભૈરવીબેન દેસાઈ (The white Tiger) ૨૮. ડૉ.એમ.એમ.દેસાઈ (જીવનચરિત્ર સંપુટ), ૨૯. પ્રો. આઈ.એસ.દેસાઈ (ગાંધીજીની આત્મકથા), ૩૦. ડૉ.આર.એમ.પટેલ (સફળ જીવનની દિશાધારા), ૩૧. લત્તા ટી. પટેલ (૨૦૧ બોધક-કથાઓ), ૩૨. શ્રીમતિ જયોતિબેન જે.દેસાઈ (ચાણકય નીતિશાસ્ત્ર), ૩૩. શ્રી જગદીશભાઈ સી. રાણા (રાષ્ટ્રીય જીવનચરિત્ર ગ્રંથાવલી), ૩૪. શ્રી અજીતભાઈ આર. પટેલ (કેન્સર મારો પરમ સખા) ૩૫. શ્રી રાકેશ એચ.દેસાઈ (અખાના છપ્પા), ૩૬. શ્રી વિક્રમ જી.વ્યાસ (સુખી જીવનની પગદંડી), ૩૭. શ્રી સતીશ એચ. દેસાઈ (સંકલ્પ ની મહાનશકિત) ૩૮. શ્રી ભીખુભાઈ આર. પટેલ (જીવનમાં સફળતા મેળવવી છે), ૩૯. શ્રી શૈલેષભાઈ જે. પટેલ (શ્રીમદ્‌ભાગવતગીતા), ૪૦. શ્રી ઉત્તમભાઈ એમ.રાઠોડ (સુખની ચાવી), ૪૧. શ્રી બીપીન આર. પટેલ (આપણા હાથની વાત), ૪૨. શ્રી વિજય એસ. હળપતિ (જીવનમાં આગળ વધવું છે.) ૪૩. શ્રીમતિ કલ્પનાબેન એસ. પટેલ (સફળતાની કડીએ), ૪૪. શ્રી અમરીશ બી. પટેલ (જીવન જીવી જાણો), ૪૫.શ્રી ભીખુ આર. આહિર (સુખ શાંતિ અને સફળતા) ૪૬. શ્રી વિનોદ કે. મકવાણા (મધપૂડો), ૪૭. શ્રી રીપવ ગોહિલ (લખી રાખો આરસની તકતી પર), ૪૮.શ્રી ઉમંગ દેસાઈ (રીચ ડેડ પુઅર ડેડ), ૪૯. શ્રી ઉમંગ દેસાઈ (એક સંન્યાસી જેણે પોતાની સંપત્તિ વેચી નાંખી) ૫૦.શ્રી ઉમંગ દેસાઈ (મેજીક ઓફ થીંકિંગ બીગ), ૫૧.શ્રી પ્રતીક યજ્ઞેશ દેસાઈ (ક્રિકેટ કેમ રમશો?), (યોગ એજ જીવન). તદુપરાંત સવારે ૯-૩૦ થી ૧૧-૧૫ દરમ્યાન કોલેજ પરિવારે ઐતિહાસિક સ્થળ ધરાસણા ખાતે જઈને મહાત્મા ગાંધીજીના સ્મારક બાપુના ચરણોમાં સંકલ્પપત્ર ઉપર સહીઓ કરી હતી. તથા કેક કાપીને ગુજરાતના સ્થાપના દિનની ઊજવણીમાં ૫૦ કેન્ડલ પ્રગટાવ્યાં, ૫૦ બલૂનથી શણગાર, સતત ત્રણ કલાક ગુજરાતી ગીતોનું ગૂંજન, ગુજરાતની ગૌરવગાથાની ડી.વી.ડી.નું નિદર્શન, તથા રાજયકક્ષાની સ્વર્ણિમ ગુજરાતના સ્પર્ધાના વિજેતાઓને પ્રમાણપત્ર એનાયત, તથા અટાર ગામના વૃધ્ધાશ્રમની મુલાકાત લેવામાં આવી હતી.

શ્રી ઈ.ખો. ચાવડા ગામ વિદ્યાપીઠ, કહાનવાડીમાં સ્વર્ણિમ ગુજરાત સ્થાપના દિનની ઉજવણી દબદબાપૂર્વક થઈ હતી. શરૂઆત માં "વંદે ગુજરાત" અને "જય જય ગરવી ગુજરાત" ના ઉદ્ઘોષ સાથે ડૉ. મીનાક્ષી બેન ચાવડાએ દીપ પ્રગટાવીને પ્રાસંગિક પ્રવચન માં ગાંધીબાપુ, સરદાર પટેલ, રવિશંકરદાદા તથા ઈન્દુચાચા જેવા મહાન પુરુષોને યાદ કરીને ગુજરાતના વિકાસમાં મુખ્યમંત્રીઓએ જે ફાળો આપ્યો હતો તેની વાત કરી હતી. આ પ્રસંગે સૌને સ્થાપના દિન ની શુભેચ્છાઓ પાઠવી હતી. અંતમાં એન.એસ.એસ.ના પ્રોગ્રામ-ઓફિસર્સે દરેકનો આભારમાની કાર્યક્રમનું સમાપન થયું હતું.

તા.૧-૫-૨૦૧૦ ના રોજ શાહ કે.એમ.લો કોલેજ, વલસાડમાં ગુજરાત રાજયના સ્થાપનાના ૫૦ વર્ષની ઉજવણી નિમિત્તેના કાર્યક્રમમાં વલસાડ શહેરની ૧૬ હાઈસ્કુલો, વલસાડ શહેરના તમામ એન.જી.ઓ. જીલ્લા પંચાયત, તાલુકા પંચાયત તથા અન્ય કોલેજોના પ્રતિનિધિઓની હાજરીમાં નીચે મુજબની પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી. ગુજરાત ગૌરવ અંગેના ગીતો કવિતા નાયક, દ્રારા પાંચાલ અને નીશા પારેખે રજૂ કર્યા હતા. (૧) વલસાડ જીલ્લાના ન્યાયધીશોની ઉપસ્થિતિમાં, કોલેજ કેમ્પસમાં કાનૂની શિક્ષણ શિબિરનું આયોજન થયું હતું. જેમાં નીચે મુજબના વકતાઓએ વકતવ્યો આપ્યો હતા. ૧. પ્રિ. ડો. જે. ટી. દેસાઈ (પ્રાસંગિક ઉદ્બોધન), ૨. કુ. નીશા પારેખ (વિદ્યાર્થિની) (માહિતી અધિકાર અધિનિયમ - ૨૦૦૫) ૩. કુ. ધારા પંચાલ (વિદ્યાર્થિની) (સ્ત્રીઓના માનવઅધિકારો) ૪. કુ. હેતલ દેસાઈ (વિદ્યાર્થિની) (પ્રિવેન્શન ઓફ એટ્રોસીટી એકટ, ૧૯૮૯) ૫. કુ. સકીના પારસી (વિદ્યાર્થિની) (ધી પ્રોટેકશન ઓફ વીમેન ફ્રોમ ડોમેસ્ટીક વાયોલન્સ), ૬. શ્રી મલિક (ન્યાયાધિશ) પ્રિન્સી. સીવીલ જજ (સી.ડી.) ૭. શ્રી પી. પી. શાહ (ન્યાયધીશ) (એડી. ડીસ્ટ્રી.એન્ડ સેશન્સ જજ) (મહા ગુજરાતી ચળવળ અંગે તથા સમાન જનતાને ઉપયોગી વિવિધ કાયદાઓ)

(૨) 'વાંચે ગુજરાત' અભિયાન હેઠળ નીચે દર્શાવેલ વિદ્યાર્થીઓએ તેઓના નામ સામે દર્શાવેલ પુસ્તકો અંગે પોતાના વિચારો વ્યકત કર્યા હતો. ૧. નરોત્તમ બી. દુબળા (ન્યાયપર્વ) ૨. નીશા કે. પારેખ (મેંકીગ બેસ્ટ ઓફ ચાઈલ્ડહુડ) ૩. કવિતા નાયક (ગુજરાતના ગુરૂશિષ્યો) ૪. હેતલ દેસાઈ (ગુજરાતની અસ્મિતા).

(૩) 'વાંચે ગુજરાત' અભિયાન હેઠળ પ્રાધ્યાપકોએ પણ એમણે વાંચેલા પુસ્તકો અંગે પોતાના વ્યકતવ્યો આપ્યા હતા.

(૪) સ્થાપના દિનની ઉજવણી નિમિત્તે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેસન પણ પ્રોજકટર ધ્વારા કરવામાં આવ્યુ હતું. પાવર પોઈન્ટ પ્રઝન્ટેસનમાં નીચેની બાબતો આાવરી લેવામાં આવી હતી. ૧. ગુજરાત રાજયની આંકડાકીય માહિતી, ૨. ગુજરાતનો પરિચય, ૩. ગુજરાતનો ભવ્ય વારસો ઉજાગર કરતા પુસ્તકો, ૪. ગુજરાતની રાષ્ટ્રીય કક્ષાની વિભૂતીઓ, શ્રી મહાત્માગાંધી, શ્રી સરદાર પટેલ, શ્રી મોરારજી દેસાઈ, શ્રી ઈન્દુલાલ યાજ્ઞિક અને શ્રી જુગતરામ દવે. ૫. ગુજરાતના સમાજસેવકો, ૬. ગુજરાતની પુરસ્કૃત વ્યકિતઓ, ૭. વર્તમાન ગુજરાત, ૮. ગુજરાતની વિશેષતાઓ, ૯. ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિઓ, ૧૦. ગુજરાતમાંથી સર્વોચ્ચ અદાલત સુધી પહોંચેલા ન્યાયાધીશો. (૫) શ્રી હિરેન વાઘવનકરે ગુજરાત રાજયનો નકશો તૈયાર કર્યો હતો. તેમજ વિદ્યાર્થીઓ ધ્વારા કોલેજના બિલ્ડીંગને સુશોભિત કર્યુ હતું. (૬) 'વાંચે ગુજરાત' અંતગર્ત પુસ્તક પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. (૭) સમગ્ર કાર્યક્રમનું સંચાલન લૉ કોલેજ ધ્વારા નિયુકત લીગલ એઈડ કલબના ઈન્ચાર્જ પ્રા. શ્રી નિરંજનભાઈ દેસાઈ તથા પ્રા. ડૉ. સંજયભાઈ મણિયારે કર્યુ હતું. આભારવિધિ પ્રા. નિરંજનભાઈ દેસાઈ એ કરી હતી. તથા રાષ્ટ્રગીતથી કાર્યક્રમની પૂર્ણાહૂતિ થઈ હતી.


સ્વર્ણિમ ગુજરાતની ઊજવણી પ્રસંગે એમ.ટી.બી. આર્ટસ કોલેજ, સુરતમાં એન.એસ.એસ., એન.સી.સી. તથા જીમખાના વિભાગોએ તેમના પ્રોગ્રામ ઓફિસરો અને એન.સીસી. ઓફિસરોના માર્ગદર્શનમાં મિટીંગો કરી કાર્યક્રમનું આયોજન કરીને ઊજવણીમાં ભાગ લીધો.

## સમારંભ



શ્રી સરદાર પટેલ કોલેજ ઓફ એજયુકેશન નવસારીમાં તા.૧૯-૪-૨૦૧૦નાં રોજ વિદાય શુભેચ્છા સમારંભ તથા ઈનામ વિતરણનો કાર્યક્રમ યુનિવર્સિટીના શિક્ષણ વિભાગના ડો. ઉમ્મેદ સિંઘના અધ્યક્ષપદે યોજાયો હતો. ડૉ. સિંઘે વિદ્યાર્થીઓને જીવનમાં હકારાત્મક વલણથી આગળ વધવાની પ્રેરણા આપી હતી. તથા સમાજમાં શિક્ષકનાં શ્રેષ્ઠ સ્થાન સંદર્ભે મૂલ્યો અને નીતિનું મહત્વ સમજાવ્યું હતું. આ કાર્યક્રમમાં ૨૦૦૮-૦૯ના વર્ષમાં કોલેજમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરનાર મહંમદ ઈરફાનને ડૉ. સિંઘના વરદ હસ્તે ટ્રોફી એનાયત કરવામાં આવી હતી.

## પ્રકાશન



LUMINANCE
(2008-2010 ) Bulletin of Happenings in Jayendrapuri Campus.
સંપાદકઃ પ્રા. સુહાસબેન ઓ. ડાભી

# વાચન વિશેષ

## યુનિવર્સિટી

શિકાગોથી નિકળતા સાંસ્કૃતિક ત્રૈમાસિક Measure ના વસંત અંકમાં વિખ્યાત અધ્યાપકોના મનનાત્મક લેખો છે. એના મુખ્ય તંત્રી રૉબર્ટ હચિન્સનો 'યુનિવર્સિટી અંતે યુગમાનસ' ઉપરનો લેખ ખાસ નોંધપાત્ર છે. હાર્વર્ડ યુનિવર્સિટીની ત્રિશતાબ્દી પ્રસંગે વ્હાઈટહેડે જેવા તત્ત્વેત્તાએ જે વિચારો રજૂ કરેલા તેમાંથી એ લેખ ઉદ્‌ભવ્યો છે. વ્હાઈટહેડે કહ્યુ કે યુનિવર્સિટીનું કર્તવ્ય બૌધ્ધિક નેતાગીરી લેવાનું છે. અને જેમ મધ્યયુગનું માનસ પૅરિસની યુનિવર્સિટીએ ઘડયું હતું તેમ વીસમી સદીનું માનસ હાવર્ડે ઘડવું જોઈએ. મધ્યયુગની પ્રજાઓની બૌધ્ધિક નેતાગીરી તત્કાલીન યુનિવર્સિટીઓએ શી રીતે લીધી હતી અને અસરકારક બનાવી હતી? વ્હાઈટહેડ કહે છે કે સૂચનારૂપ નીવડવાની શકિત (સજેસ્ટીવનેસ) વડે. એવી શકિત કાર્યમાંથી જ પ્રગટી શકે તેથી વ્હાઈડહેડે કહ્યુ કે હાર્વર્ડે પૅરિસની યુનિવર્સિટીને પગલે ચાલવું હોય તો જે જે વ્યવસાયના શિક્ષણ માટે પધ્ધતિસરની અભ્યાસ શકય છે તેની શાળાઓનો એણે પોતામાં સમાવેશ કરવો જોઈએ.

શ્રી હચિન્સ કહે છે કે તો તો અમેરિકન યુનિવર્સિટીઓએ યુગમાનસનું ઘડતર કરવામાં કયારનોય મોટો ફાળો આપ્યો હોત;. કેમકે એવી વ્યવસાયલક્ષી શાળાઓનું આખું ઝુંડ દરેક અમેરિકન યુનિવર્સિટીને વળગેલું હોય છે જ. એ પૂછે છે કે વીસમી સદીનું માનસ હાર્વર્ડ ઘડે છે કે કોલમ્બિયાની 'ટીચર્સ કોલેજ' ? અને પછી તરત જ બીજો પ્રશ્ન કરે છે કે - 'ટીચર્સ કૉલેજ' પણ માનસનું ઘડતર કરે છે કે એનું પ્રતિબિંબ પાડે છે ? પોતે જ જવાબ આપે છે કે એ તો યુગમાનસનું માત્ર પ્રતિબિંબ પાડે છે. પછી એ ત્રીજો પ્રશ્ન ઉઠાવે છે કે- યુનિવર્સિટીઓએ કયારેય પણ, મધ્યયુગ બાદ કરતાં, બૌધ્ધિક નેતાગીરી હાંસલ કરી છે, યુગમાનસને ઘડયું છે ? લેખકનો જવાબ છે કે વ્યકિતઓએ એ કામ કર્યુ છે. માર્ક્સ, ડાર્વિન અને ફ્રોઈડે યુગમાનસના ઘડતર ઉપર વિશ્વવ્યાપી અસરો પહોંચાડી છે, હાઈડલબર્ગ , ઑકસફર્ડ કે સોર્બોને નહિ.

યુનિવર્સિટી નામે ઓળખાતી સંસ્થા મધ્યયુગની એક અનોખી સરજત છે. લેખક કહે છે કે એનું મુખ્ય લક્ષણ હતું ચર્ચા. સૌ અધ્યાપકમંડળ સાથે રહેતું કોઈ વ્યવસાય માટે શિષ્યોને તૈયાર કરવા એવો સ્પષ્ટ આશય એ પ્રવૃત્તિમાંથી પ્રગટ ન થતો. એના અભ્યાસક્રમમાં વિચાર અને આચાર, જ્ઞાનસાધના અને વ્યવહારકૌશલ બંને નોખાનોખા વિષયો તરીકે ખેડાવાને બદલે એકરૂપ બન્યા હતા. બધા પાયાના ખ્યાલો એ યુનિવર્સિટી-સમાજમાં ઘૂંટાતા. સૌને ઓછોવત્તો એનો પરિચય થઈ જતો. એક સામાન્ય પરંપરા ઊભી થતી. આ સાધનાનું કોઈ લાક્ષણિક બૌધ્ધિક સાધન હોય તો એ હતુ, મિલે દર્શાવ્યું છે તેમ, ચર્ચા.

પૅરિસની યુનિવર્સિટીએ મધ્યયુગના માનસનું ઘડતર કર્યુ એવું આજની કોઈ યુનિવર્સિટી શી રીતે કરી શકે ? ચર્ચાને અવકાશ જ રહયો નથી. શોધખોળનો યુગ ચાલે છે. શોધખોળનો યુગ વિશેષજ્ઞોનું અસ્તિત્વ નિર્દેશ છે. સૌ કોઈ ને કોઈ વિશેષ વિષયના અભ્યાસમાં તલ્લીન રહે છે, તેનો તાગ લે છે અને જગત માટે કાંઈક નવીન શોધ કરી લાવે છે. આવી શોધોને પરિણામે જગતને મોટા લાભ પણ થયા છે. પણ યુનિવર્સિટીનું સ્વરૂપ એથી બદલાયું, વણસ્યું. સૌ પોતપોતાની વાતમાં લીન, એકબીજાની વાત જાણવાની કોઈને ફુરસદ નહિ. જીવવિજ્ઞાનનો એક અધ્યાપક આજે દુનિયાના સૌ જીવવિજ્ઞાનીઓના મનમાં કયા પ્રશ્નો ઘોળાય છે તેના સંપર્કમાં રહેશે, પણ પોતાની પાસે જ રહેતા બીજા વિષયના કહો કે રાજનીતિના-અધ્યાપકના મનમાં કયા પશ્નો છે એના સંપર્કમાં એ નથી હોતો. પરસ્પર વિચારવિનિમય કરવાની સગવડ રહી નથી. જીવન અંગેના પાયાના ખ્યાલો વિષે સૌ અધ્યાપકો (તેમ જ વિદ્યાર્થીઓ)માં ચર્ચા થતી રહે એવું રહયું નથી. લેખક સૂચવે છે કે સાચો માનસ સંપર્ક સ્થાપવો એ આજે બૌધ્ધિક નેતાગીરીનું કામ છે. આને માટે શોધખોળનો યુગ અને ચર્ચાનો યુગ- એ બંનેનાં મૂલ્યો સાચવી લેવાં જોઈએ, શોધકવૃત્તિને આંચ ન આવે એવી રીતે ચર્ચાની-પરસ્પર વાર્તાલાપની શકયતા ઊભી કરવી જોઈએ. આમ થશે તો જ આજના દોહન (ડાયજેસ્ટ)ના યુગનો અંત આવશે.

વિદ્વાનો અને જિજ્ઞાસુઓ વાર્તાલાપ કરી શકે-ચર્ચાઓ કરી શકે એવા સંજોગો સ્થપાય, એ દ્વારા પાયાના ખ્યાલોનું મૂલ્યાંકન થતું રહે એ યુનિવર્સિટીનું લક્ષ્ય રહેવું જોઈએ. યુનિવર્સિટીમાં જીવનના પાયાના ખ્યાલોને અર્વાચીન શોધોના પ્રકાશનમાં ચર્ચવામાં, પરિષ્કારવામાં આવે અને સમગ્ર યુનિવર્સિટી તરીકે જ્ઞાનસાધના તેમ જ વ્યવસાયકૌશલયની શાળાઓ દ્વારા જગતમાં એકતા, પરસ્પર સંપર્ક, સમજૂતી અને પ્રકાશ ફેલાવે, તો જ એકવાર પૅરિસ યુનિવર્સિટીએ કર્યું હતું તેમ એ બૌધ્ધિક નેતાગીરી ધારણ કરી શકે અને યુગના માનસનું ઘડતર કરી શકે. (સાભાર : સમયરંગ ૧૯૫૦ ઓગષ્ટ)

## સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે

અંક ૩૨ થી આગળ...

ખલીફા ઉમરે કહયું, 'જેરુસલેમમાં પ્રવેશ કર્યા બાદ મેં જાણ્યું કે બધા લોકો સમાન છે. બીજાઓને તમારા માર્ગને અનુસરવા માટે દબાણ કરવું એ વ્યર્થ છે. તમને માત્ર એ જ મળશે, જે તમારા ભાગ્યમાં લખાયેલું હશે. ઈશ્વર જ માત્ર સર્વસત્તાધીશ છે.'

ખલીફા ઉમરે પોતાની હેસિયતને કયારેય એ ખાસ અધિકારોના સંદર્ભમાં જોઈ નથી જે તેમને પ્રાપ્ત હતી. તેમના માટે તો સરકાર એક પવિત્ર ટ્રસ્ટ હતું અને કોઈ પણ રીતે એ ટ્રસ્ટને ઘોખો ન પહોંચે એ માટે તેમણે તેમનું સર્વોત્તમ કર્યુ.

હવે આઈન્સ્ટાઈનનો વારો હતો. હું મારા મિત્ર વર્નર હાઈસનબર્ગના વિચારો યાદ કરવા ઈચ્છું છું 'તમે જાણો છો કે પશ્ચિમમાં આપણે એક વિશાળ સુંદર વહાણનું નિર્માણ કર્યું છે. તેમાં બધી પ્રકારની સગવડો છે. પરંતુ એક વસ્તુની ખોટ છે. તેમાં કોઈ દિશાસૂચક નથી જે તેને બતાવી શકે કે કઈ દિશા તરફ આગળ વધવાનું છે. ટાગોર અને ગાંધી તથા તેમના આધ્યાત્મિક પૂર્વજોને આ દિશાસૂચક મળી ગયું. આ દિશાસૂચકને માનવરૂપી વહાણમાં, શા માટે ન રાખી શકાય જેથી બન્નેનો હેતુ સરે.'

મહાન અમેરિકન નેતા, અબ્રાહમ લિંકને, જેણે ગુલામી પ્રથા સામે સંઘર્ષ કર્યો અને જેમનું જીવન કેટલીક બાબતોમાં મહાત્માના જીવન સમાન હતું. આ મુદ્દા પર કહયું, 'હું માત્ર એક વાત કહેવા માગું છું : વિવિધ સ્તરે પરિવારની સમૃદ્ધિમાંથી આનંદ મળે છે. ઈશ્વરની કૃપા માનવજીવનને સ્વર્ગીય સુખ આપે છે. સુખ અને આનંદ એ પૃથ્વી પર ઈશ્વરીય જીવનના બે મુખ્ય ઘટકો છે. કદાચ લોકો અને રાષ્ટ્રોની વચ્ચે આટલો સંઘર્ષ એ કારણે છે કે સમૃદ્ધિ એ સત્તા પાછળની આપણી દોડમાં આપણે નૈતિક મૂલ્યો ભૂલી ગયાં છીએ. આપણે આપણી જાતને પૂછવું જોઈએ કે માનવ ચેતનાની શી ભૂમિકા છે ? રાજકીય ચિંતન, વિજ્ઞાની ચિંતન અને ધર્મશાસ્ત્રીય ચિંતનમાં તેની

કોઈ ભૂમિકા છે ? શું જીવન વ્યવહારમાં આધ્યાત્મિકતા સ્વીકાર્ય છે ?

મહાત્મા ગાંધીજીએ ઋષિ અષ્ટાવક્રને યાદ કર્યા. જેમણે કહ્યું હતું, 'હે મારા પુત્ર ! તુ પોતે જે એ ચેતના છે જેની અંદર આ સકળ બ્રહ્માંડની રચના થઈ છે અને જે તમારાથી અલગ નથી. તો પછી કોઈ બાબત સ્વીકાર્ય કે અસ્વીકાર્ય હોવાનો પ્રશ્ન કેવી રીતે હોઈ શકે ?' શાંતિ અને સમૃદ્ધિને જીવન વ્યવહાર બનવા દો, શોષણ અને સંઘર્ષ નહીં.

'આ માટે આપણો સંદેશ છે. આપણે જે કંઈ કરીએ છીએ જે કોઈ સિદ્ધાંત પ્રતિપાદિત કરીએ, તે માનવતાના ભલા માટે જ હોવો જોઈએ.'

બીજા દિવસે સવારે ચા પીતાં પીતાં આ વિચિત્ર સ્વપ્ન વિશે વિચારતો તબકકામાંથી મોટા ભાઈના તબકકામાં સંક્રમણ એ લાભદાયક પરંતુ મુશ્કેલ કાર્ય છે.

આ 'મોટાભાઈ'ની ભૂમિકા કરતાં વધુ ઊંચો તબકકો છે. એમાં રાષ્ટ્ર તેના સૌથી સાચા સારને ઓળખે છે. એ એવા જ્ઞાનમાંથી ફલિત થાય છે કે પૃથ્વી એ કોઈ એક રાષ્ટ્રના બાપની નથી પરંતુ બધાની છે એ તેની પ્રજા તેના સાથી માનવબંધુઓ પ્રત્યે વ્યકિતની જવાબદારીથી જાણકાર બને છે. આને સાક્ષાત્કારનો તબકકો કહેવામાં આવે છે અને ભારત પાસે એ પ્રાપ્ત કરવાની તાકાત અથવા ક્ષમતા હોઈ શકે.

લગભગ તેંતાળીસ વર્ષની કારકિર્દીમાં મેં કેટલીય સંસ્થાઓમાં મારાં કાર્યો બદલ્યાં છે. પરિવર્તન મહત્ત્વપૂર્ણ છે. એથી નવા વિચાર આવે છે, નવા વિચાર નવાં સર્જનાત્મક કાર્યો કરાવે છે. ૨૦૦૧માં ૧૫ મી ઑગસ્ટે મેં બીજા પરિવર્તન માટેનો નિર્ણય કર્યો. મેં વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીને મારો ઈરાદો જણાવ્યો, જેમણે મને પુનઃ વિચાર કરવા જણાવ્યું. મેં આ પહેલાં પણ કેટલાક પ્રસંગોએ મને છૂટો કરવાની મારી ઈચ્છા તેમને દર્શાવી હતી; પરંતુ ત્યારે તેમણે મને સલાહ આપી હતી કે હું મારું કામ ચાલુ રાખું અને એ વાત મેં માન્ય રાખી.

એક રૉકેટ માનવી તરીકે પણ મેં તબકકાવાર કામ કર્યું. રૉકેટને આગળ લઈને તેના નિર્ધારિત પ્રક્ષેપણ માર્ગમાં પ્રત્યેક તબકકે ત્યજી દેવામાં આવે છે. ૧૯૬૩-૮૨ દરમિયાન મેં ભારતીય અવકાશ સંશોધન સંગઠન (ઈસરો)માં કામ કર્યું. ૧૯૮૦માં ભારતે પોતાના પ્રથમ ઉપગ્રહ પ્રક્ષેપણ યાનને પ્રક્ષેપિત કર્યું, જેણે રોહિણી ઉપગ્રહને તેની કક્ષામાં મોકલ્યો અને એ રીતે આપણો દેશ વિશિષ્ટ અંતરીક્ષ કલબનો સભ્ય બન્યો. એસએલવી-૩ અભિયાનના પ્રૉજેકટ નિયામક તરીકે ટૂકડીનું નેતૃત્વ મેં લીધું. આ પ્રયત્નમાં આપણી સફળતાએ આપણા દેશને ઉપગ્રહ પ્રક્ષેપણ યાન તકનિકી અને નિયંત્રણ, માર્ગદર્શન, પ્રક્ષેપણ અને હવામાં ઊડતા ઘન પદાર્થોને લગતા ગણિતશાસ્ત્રની બાબતમાં વિશેષજ્ઞતા પ્રાપ્ત કરાવી. તદુપરાંત, વિવિધ રૉકેટ પ્રણાલીઓની ડિઝાઈન તૈયાર કરવાનું પણ શીખવી દીધું. એ ઉપરાંત આ પરિયોજનાએ સંશોધન અને વિકાસ, પ્રયોગશાળાઓ, ઉદ્યોગ અને શૈક્ષણિક સંસ્થાઓ જેવી જુદી જુદી સંસ્થાઓમાંથી નિવિષ્ટો સંકલિત કરીને ડિઝાઈન, વિકાસ અને વ્યવસ્થાપન પ્રણાલીઓમાં બહેતર ક્ષમતાઓ વિકસાવી અને આ કાર્યક્રમે તકનિકી અને વ્યવસ્થાપન ક્ષેત્રે નેતાઓ પણ પૂરા પાડયા. આજે તેઓ વિવિધ અંતરીક્ષ અને સંરક્ષણ કાર્યક્રમો પાસેથી નેતાગીરી શીખ્યો. ડૉ. વિક્રમ સારાભાઈ, પ્રાધ્યાપક સતીશ ધવન અને ડૉ. બ્રહ્મ પ્રકાશ. આ મારા માટે શીખવાનો અને જ્ઞાનપ્રાપ્તિનો સમય હતો.

બીજો તબકકો ૧૯૮૨માં સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન (ડીઆરડીઓ)થી શરૂ થયો. અહીંયા પણ પ્રક્ષેપાસ્ત્ર તકનિકી નિયંત્રણ વ્યવસ્થા (MTCR) અને પરમાણુ અપ્રસાર સંધિ (NPT) જેવાં ઉપકરણો દ્વારા તકનિકીના રદિયાની ભૂમિકામાં ટીમવર્ક મુખ્ય હતું. મને એવા કેટલાક સાથીદારો અને DRDOની પ્રયોગશાળાઓ સાથે કામ કરવાની તક મળી કે જયાં બે યુદ્ધમાં જરૂરી એવાં પ્રક્ષેપાસ્ત્રોની ડિઝાઈન, વિકાસ, ઉત્પાદન અને સંચાલન કરવાની સફળતા મળી. આ પ્રકારના યુદ્ધમાં જરૂરી એવાં પ્રક્ષેપાસ્ત્રો ભારતને કોઈ પણ અન્ય દેશમાંથી પ્રાપ્ત થશે નહિ, પછી ભલે ને તે દેશ સાથે મૈત્રીભર્યા સંબંધો હોય. આ સમય દરમિયાન, ત્રણ નવી પ્રયોગશાળાઓ અને સવલતો, એક હૈદરાબાદ ખાતે સંશોધન કેન્દ્ર ઈમારત (RCI) નામની પ્રેક્ષપાસ્ત્ર તકનિકીના ક્ષેત્રમાં અને બીજા બે પ્રેક્ષપાસ્ત્ર કસોટી કેન્દ્રો, એક મુખ્ય ભૂમિ પર અને બીજું દ્વિપકલ્પ પર, બંગાળની ખાડીના કિનારે ચંડીપુર પાસે. તદુપરાંત પ્રયોગશાળાઓ તથા શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા વિકસિત થયેલી મહત્ત્વની (ક્રમશઃ)

મૂલ્યોની મહત્તા ઉપર પ્રવચન આપી દેવું જ પૂરતું નથી. આપણે સહુ જયારે એકબીજાનો આદર કરીએ, એકબીજાના અધિકારોને માન્ય રાખીએ, એકબીજાની ભાવનાઓને સમજીએ, પૂર્વગ્રહ અને દ્વેષની ભાવનામાંથી મુકત થઈ અને જયારે હરકોઈને પોતાની કાબેલિયત બતાવવા પૂરેપૂરી, સમાન તક મળતી થાય ત્યારે જ આ ઉપદેશ સાર્થક થયો ગણાય.

ગ્રે બટલર (એ.ડી.પી.ના પ્રુસિડેન્ટ અને સી.ઈ.ઓ)

બધા બુધ્ધિશાળી લોકો જગતને અનુકૂળ થઈને રહે છે. માત્ર થોડા બુધ્ધિશાળીઓ, ન મનાય તેમ, જગતને પોતાને અનુકૂળ કરવા સતત પ્રયાસ કરતા હોય છે.

ડો.એ.પી.જે.કલામ

VNSGU
VEER NARMAD
SOUTH GUJARAT
UNIVERSITY, SURAT

**Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat**

Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.vnsgu.ac.in

**Editor : B J Ankuya, Incharge University Librarian**

**Published by : Shri J R Mehta, Registrar**

Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 2634179 / 98 25 25 99 11 E-mail : info@kliksolutions.com